# જીવનમાં વિકાસ કેવી રીતે સિદ્ધ થાય છે?



**મહાભારતનું મનોરૂપ**

**ભાણદેવ**

વિ

(1) જાગ્રત અનુભવો.
(2) સ્નેહપૂર્ણ સંબંધો
(3) સ્વાધ્યાય, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, વિજ્ઞાન આદિ
(4) સાહિત્ય સર્જન અને ભાવન
(5) સંગીત, ચિત્ર, શિલ્પ, નૃત્ય, નાટ્ય આદિ કળા
(6) પ્રવાસ-યાત્રા
(7) પર્વતારોહણ, હિમાલયયાત્રા, તરવું, વ્યાયામ, કરાટે, બાગાયત, આકાશદર્શન, પક્ષીદર્શન આદિ
(8) યોગાભ્યાસ
(9) અધ્યાત્મસાધનનું પરિશીલન

5. જીવનનો પાયો છે - ઋત. ઋતને છોડીને જીવનના યથાર્થ સ્વરૂપને પામી શકાય નહીં. અંધકારના ઘોડા પર બેસીને સૂર્યલોકની યાત્રા ન થઈ શકે. ઋતનો નિયમ જીવન સાથે એકરૂપ બનવો જોઈએ.

ઋતના પ્રધાન નિયમો છે-
(1) સત્ય,
(2) અહિંસા,
(3) સંયમ

6. જીવન અને સ્વસ્થ જીવનનું સોનરી સૂત્ર છે - અવિરોધ. વિરોધમાં નહીં, અવિરોધમાં જીવન ખીલે છે. વિરોધમાં શક્તિનો વ્યય થાય છે અને અવિરોધમાં શક્તિનો સંચય છે.

7. સારા માનવો, સારા ગ્રંથો અને સારાં સ્થાનોનો સંગ કરતા જ રહો.

આ સત્સંગ છે
સત્સંગથી શું થાય છે?
(1) પ્રેરણા પ્રાપ્તિ
(2) જ્ઞાન પ્રાપ્તિ
(3) સંસ્કાર ઘડતર
(4) સમજ વિકાસ
(5) દષ્ટિકોણની વ્યાપકતા

8. સમયનો કાર્યક્ષમ ઉપયોગ

જીવનભર અને સતત ક્ષણેક્ષણનો કાર્યક્ષમ ઉપયોગ કરતા રહો.

9. શરીર અને મનના સ્વાસ્થ્યને જાળવી રાખો. બીજી સર્વ અનુકૂળતા હોય પરંતુ શરીર-મન રોગથી ઘેરાયેલું હોય તો? બીમારી માનવીને પંગુ બનાવી દે છે.

શરીર-મનના સ્વાસ્થ્યને જાળવી રાખવાનાં થોડાં મહત્ત્વપૂર્ણ સાધનો અહીં પ્રસ્તુત છે:
(1) યોગાભ્યાસ
(2) ચાલવું, તરવું, નૃત્ય
(3) સૂર્યનમસ્કાર
(4) સમતોલ આહાર
(5) સાત્ત્વિક જીવનશૈલી
(6) અધ્યાત્માભિમુખ જીવન

10. વિધાયક દષ્ટિકોણ રાખો.

સારું જોવું, સારું વિચારવું, સારું બોલવું, સારાની આશા રાખવી, સારાને મહત્ત્વ આપવું, સારાનો અમલ કરવો આ વિધાયક દષ્ટિકોણ છે અને તેમનાથી વિરોધી વર્તન - આ નિષેધક દષ્ટિકોણ છે.

યાદ રહે 'હા' વીરતાની નિશાની છે અને 'ના' કાયરતાની નિશાની છે.

યાદ રહે પ્રકાશની પસંદગી ઋષિકૃત્ય છે અને અંધકાર અસુરોની પસંદગી છે.

ગમે તેવા વિકટ સંજોગોમાં પણ હાર માનશો નહીં. દષ્ટિ સૂર્ય તરફ, અંધકાર તરફ નહીં.

11. ગંભીર વિચારો અને કઠિન કાર્યોથી દૂર ન ભાગો. ગંભીર વિચારો અને કઠિન કાર્યો. આ બંને જીવન વિકાસનાં મૂલ્યવાન માધ્યમો છે. તેમનો સ્વીકાર કરો; સંનિષ્ઠભાવે તેમને પરિપૂર્ણ કરો. તેમનાથી દૂર ન ભાગો. પ્રચંડ પુરુષાર્થ કરો અને તમારો વિકાસ સિદ્ધ થશે.

12. દુઃખના સ્વરૂપને સમજી લો.

જીવનમાં દુઃખનું પણ કાંઈક વિધાયક મૂલ્ય છે.

> શરીર અને મનના સ્વાસ્થ્યને જાળવી રાખો. બીજી સર્વ અનુકૂળતા હોય પરંતુ શરીર-મન રોગથી ઘેરાયેલું હોય તો? બીમારી માનવીને પંગુ બનાવી દે છે

જીવનમાં દુઃખનું વિધાયક મૂલ્ય શું છે?
(1) દુઃખ જીવને શિવ પ્રતિ જવાની પ્રેરણા આપે છે.
(2) દુઃખ જીવન વિકાસનું એક માધ્યમ છે.
(3) દુઃખ માનવીને ઘડે છે, પરિપક્વ બનાવે છે.
(4) દુઃખ માનવીને અંતર્મુખ બનાવે છે.
(5) સુખ માનવીને સુવાડી દે છે અને દુઃખ માનવીને જગાડી દે છે.

13. માનવ સંબંધોની કળા શીખી લો.

તે માટે આટલું કરો
(1) વિરોધ નહીં, અવિરોધ
(2) વાણી અને વ્યવહાર મધુર રાખો.
(3) જીવનનું સત્ય છોડશો નહીં. સત્ય! મધુર, હિતકર સત્ય!
(4) વટ, રીસ, અબોલાને જીવનમાં સ્થાન ન આપો.
(5) નિંદા-ટીકાથી દૂર રહો.
(6) વાણી અને વ્યવહાર એવો ગોઠવો કે અન્ય માનવીની સજ્જનતા બહાર આવે અને દુર્જનતા ગૌણ બની જાય.
(7) ભૂલને સ્વીકારો અને સુધારી લો.
( 8) બદલો લેવો નથી, ક્ષમા આપવી છે.

13. અલૌકિક બનવાનો અભરખો ન રાખો. એકનાથજી મહારાજે કહ્યું છે: आपळ नहवे अलौकिक।

અસામાન્ય બનવાનો ધખારો છોડો અને સામાન્ય માનવીની જેમ જીવન જીવો.

15. અભાવગ્રંથિના સ્વરૂપને સમજી લો.

(ક્રમશઃ)

# પર્વાધિરાજ દીપોત્સવ



**સંસ્કૃતિ દર્શન**

**સનત દવે**

આ જે પર્વાધિરાજ દીપોત્સવ શ્રૃંખલાનો મહત્ત્વપૂર્ણ તહેવાર 'દિવાળી' છે. વિક્રમ સંવતના અંતિમ માસનો અંતિમ દિવસ અનેક પૌરાણિક પ્રસંગ અને ઐતિહાસક તારીખ-તવારીખ સાથે જોડાયેલો છે. રમા એકાદશીથી ભાઈબીજ સુધીની આ પર્વ શ્રૃંખલા દેશભરમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. દિપાવલીના પર્વો પર અનેક દેવ-દેવીઓને યાદ કરી વિવિધ પ્રકારે પૂજન અર્ચન કરાતા હોય છે. વિશ્વના સૌથી મોટા રાષ્ટ્ર એવા આપણા ભારત દેશમાં પ્રાંત મુજબ ઉજવણીમાં થોડા ફેરફાર હોય તે સ્વાભાવિક છે. દિપાવલીની આ પર્વ શ્રૃંખલાને પૌરાણિક કથાઓ સાથે જોડીએ તો સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગના પ્રસંગો કળીયુગમાં ઉજવાતા હોવાનો એક અનોખો સંગમ છે.

સતયુગમાં સમુદ્રમંથન દરમ્યાન પ્રગટ થયેલા લક્ષ્મીદેવી તથા આયુર્વેદના દેવ ધનવંતરીને ધનતેરસના પર્વ પર યાદ કરીને પૂજન કરાતું હોય છે. વાઘબારસ તરીકે પ્રચલિત વાક્બારસનું પર્વ મહા સરસ્વતિની પૂજા-અર્ચનાનું પર્વ છે. તો દ્વાપરયુગમાં નરકાસુર નામના અધમાધમ દૈત્યનો ત્રણેય લોકમાં ખૂબ ત્રાસ હતો. તેમના દ્વારા કેદ કરાયેલ દેવો- ગાંધર્વો અને માનવોની સોળ હજાર જેટલી કન્યાઓને ભગવાન શ્રી કૃષ્ણે નરકાસૂરનો વધ કરીને મુક્ત કરાવેલી. નરકાસૂર જેવા દૈત્યના કેદમાં રહેલી કન્યાઓએ તેનો સમાજ સ્વીકાર નહી કરે તેથી શ્રીકૃષ્ણને તેની સાથે પરણવાની વિનંતી કરી આથી ભગવાન શ્રીકૃષ્ણએ તેની વિનંતી સ્વીકારીને તેઓ સાથે લગ્ન કર્યા હતાં. નરકારસૂરનો વધ આસો વદની ચૌદશે થયેલો તેથી નરક ચતુર્દશી અથવા કાળી ચૌદસ તરીકે પણ પર્વ શૃંખલાનું એક પર્વ મનાવાય છે. આ દિવસે મહાકાળીનું પણ પૂજન થાય છે. તાંત્રિકો કાલી ઉપાસના માટે કાળી ચૌદસને ઉત્તમ માને છે.

દશાનન રાવણના વધ પછી ભગવાન શ્રી રામ પુષ્પક વિમાન મારફતે તો અયોધ્યા પહોંચી ગયેલા પણ શ્રી રામની વાનરસેના અને રામસેના એકવીસ દિવસે અયોધ્યા પહોંચ્યા બાદ જ શ્રી રામે દિવાળીના દિવસે અયોધ્યામાં પ્રવેશ કર્યો હતો અને અયોધ્યાવાસીઓએ આખી નગરીને શણગારી, ઢોલ-નગારા સાથે શ્રી રામનું ભવ્ય સ્વાગત કર્યું હતું. નગરમાં સર્વત્ર દીપમાલાની હારમાળાઓથી નગર આખું ઝળહળતું હતું. દિવાળીનો એક સરળ અર્થ એવો થાય છે કે દીવા+આળી એટલે એ સંસ્કૃત શબ્દ આળીનો અર્થ હારમાળા થાય છે. ટૂંકમાં દીવાઓની હારમાળા અને અયોધ્યા પ્રવેશના શુભ દિવસને યાદ કરીને આજ પર્યંત દેશભરમાં દિવાળીનું પર્વ ઉજવાય છે. આજના અયોધ્યામાં પણ દીપાવલી ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. દેશભરના મંદિરો પણ દિપોત્સવી શૃંખલા અવસરે તોરણ ,ધજા-પતાકા અને રંગબેરંગી લાઈટોથી સુશોભિત કરાય છે. રાષ્ટ્રનો સૌથી મોટો તહેવાર હોવાથી સ્કૂલ -કોલેજમાં તો દિવાળી વેકેશનની રજાઓ મળી જાય છે. પણ સરકારી સંસ્થાનો, બેંકો અને પ્રાઈવેટ મોટી સંસ્થાઓમાં પણ બી રજાઓ મળી જતી હોય છે. જો કે તામિલનાડુ સહિત દક્ષિણનાં અમુક રાજયોમાં ઉત્તરી રાજયો મુજબ લાંબી રજા નથી હોતી પણ દીપોત્સવ તહેવારનો આનંદ એકસરખો જ હોય છે.

રજાઓનો લાભ લઈ લોકો આવતીકાલથી લાંબી ટૂરના આયોજન કરી ફરવા નીકળી જશે તો મોટાભાગના લોકો ધાર્મિક સ્થળોએ જવાનું વધારે પસંદ કરશે એટલે સ્વાભાવિક જ યાત્રાસ્થળોએ ખૂબ ભીડ જોવા મળશે. દિવાળીના તહેવારોમાં જ ધાર્મિક સ્થળોએ દર્શનાર્થે જવા વાળાઓ પણ નિકળી ગયા હશે. ડાકોર, અંબાજી તથા સૌરાષ્ટ્રના સત્તાધાર, વીરપુર, સાળંગપુર, બગદાણા દ્વારિકા તથા જુનાગઢ જેવા સ્થળોએ આજે દિવાળીના દિવસે દર્શનાર્થીઓનો ખૂબ ધસારો હોય શકે છે. દર્શનાર્થીઓને તકલીફ ના પડે એટલે દ્વારિકા અને ડાકોર જેવા સ્થળોએ દર્શનના સમયમાં પણ ફેરફાર કરી વધુ સમય ફાળવાયો છે. દિવાળીના આજના દિવસે મંદિરોમાં અન્નકૂટના દર્શનનો પણ લાભ મળતો હોય છે. સ્વામિનારાયણના મંદિરમાં પણ હરિભકતો રજાનો ઉપયોગ કરી દર્શનાર્થે નીકળી ગયા છે. ભૂજના સ્વામિનારાયણ મંદિરમાં આ જે એ ક લાખ



એ ક ા વ ન હજાર દીવાઓ ઝળહળી ઉઠશે. તેમજ 175 જેટલી વાનગીઓનો અન્નકૂટના પણ દર્શન થશે. તો નવસારીના BAPSના સ્વામીનારાયણ મંદિરમાં 1500 જેટલી વાનગીઓનો વિશેષ અન્નકૂટના દર્શન થશે. એક માહિતી અનુસાર અબુધાબી ખાતેના સ્વામીનારાયણ મંદિરમાં આજે દિવાળીના બદલે તા. 22મીએ બેસતા વર્ષે અન્નકૂટના દર્શન રહેશે. વિદેશોમાં અન્યત્ર સર્વ મંદિરમાં દિવાળીની ઉજવણી ધામધૂમથી થઈ રહી છે. કેલીફોર્નિયામાં વિવિધ હિન્દુ -જૈન સમાજ દ્વારા આઠ જેટલા સ્થળોએ દિવાળી પર્વની ઉજવણી થઈ રહી છે.



સૌરાષ્ટ્રના સાળંગપુર ખાતેના શ્રી કષ્ટભંજન હનુમાન મંદિરે દીપોત્સવ તહેવારોને અનુલક્ષી સમૂહ મારૂતિ યજ્ઞના આયોજન સાથે અન્નકૂટ પણ ભરાશે. સૌરાષ્ટ્રના લગભગ દ્વારકા, જુનાગઢ સિવાયનાં બધાં યાત્રાધામોમાં રહેવા-જમવાની નિઃશુલ્ક સગવડોની વ્યવસ્થા કરાઈ છે. નડિયાદના સંતરામ મંદિરના 60 ફૂટ ઊંચા શિખરબધ્ધ મંદિરને ફાયરબ્રિગેડની ટીમની સહાયથી બે હજાર લીટર પાણીના પ્રેશરથી સફાઈ કરીને સુભોભિત કરાયું છે.

ગુજરાત - સૌરાષ્ટ્રનાં યાત્રાધામોની વાત સાથે આજે વિશેષ વાત કરીએ તો રામજન્મભૂમિ અયોધ્યા ખાતે વિશિષ્ટ પ્રકારની ઉજવણી થઈ રહી છે. આખી અયોધ્યા નગરીને રંગબેરંગી લાઈટોથી સુશોભિત કરાઈ છે. અને સરયુતટના 56 જેટલા ઘાટો પર 28 લાખ દીવાઓ પ્રગટાવાશે. જે વિશ્વ રેકોર્ડ સ્થાપિત કરશે. આ 28 લાખ દીવઓ પ્રજજવલિત રહે તે માટે વધારાના મળી કુલ 33 લાખ દીવાઓની વ્યવસ્થા કરાઈ છે. આ વ્યવસ્થા માટે એકસરખી ટોપી અને ટી-શર્ટ્સવાળા 30 હજાર સ્વયંસેવકો અહી સતત હાજરી આપશે. દીવાઓને પ્રજ્જવલિત રાખવા 75 હજરા લીટર તેલ અને 55 લાખ જેટલી દીવાની વાટ અહીં હાજર રખાઈ છે. આંતકવાદી તત્ત્વો સામે કે કોઈ દુર્ઘટના ના બને તે માટે વિવિધ 22 સમિતિઓના સદસ્યોઅને સુરક્ષાગાર્ડ, પોલિસ સતત નજર રાખી રહ્યાં છે.

દિવાળીના તહેવારને સનાતનીઓની સાથે જૈન અને શીખો પણ એટલા જ મનભરીને માણી રહ્યાં છે. મોગલ સમ્રાટ જહાંગીરે શીખ ધર્મના છઠ્ઠા

> શ્રી રામની વાનરસેના અને રામસેના એકવીસ દિવસે અયોધ્યા પહોંચ્યા બાદ જ શ્રી રામે દિવાળીના દિવસે અયોધ્યામાં પ્રવેશ કર્યો હતો અને અયોધ્યાવાસીઓએ આખી નગરીને શણગારી, ઢોલ-નગારા સાથે શ્રી રામનું ભવ્ય સ્વાગત કર્યું હતું. નગરમાં સર્વત્ર દીપમાલાની હારમાળાઓથી નગર આખું ઝળહળતું હતું

ગુરુ ગોવિંદસિંહની સાથે અન્ય બાવન રાજાઓને બંદી બનાવેલા તે 1619ની સાલમાં દિવાળીના દિવસે મુક્ત કરેલા તેની ખુશાલીમાં શીખ સમાજ પણ ધામધૂમથી દિવાળીના પર્વની ઉજવણી કરે છે તો જૈનાના 24માં તીર્થંકર મહાવીર સ્વામીનો આ દિવસે નિર્વાણદિન છે. તેના પ્રથમ શિષ્ય ગૌતમ ગણધરને આજના દિવસે કેવલ જ્ઞાનની પ્રાપ્તિ થતાં જૈન સમાજ પણ પૂર્ણભાવથી દિપાવલી પર્વની ઉજવણી કરે છે.

પ્રખર ગુરુસ્વામી રામતીર્થનો જન્મ અને મૃત્યુ તિથિ દિવાળીના દિવસે આવે છે. દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના દિવાળીના દિવસે કરેલી તેમજ તેમનો નિર્વાણદિન પણ દિવાળીના દિવસનો છે. લાખો માછીમાર અને દેવીપુત્રોના ઉદ્ધારક તથા હીરાઘસુઓને રત્નકલાકાર જેવું સમ્માનજનક નામ આપનાર સ્વાધ્યાય પરિવારના દાદા પાંડુરંગ આઠવલેજીએ દિવાળીના દિવસે દેહત્યાગ કરેલો. અનેક મહાનુભાવોના જન્મ-મરણ સાથે જોડાયેલ દિપાવલી પર્વને તેમના અનુયાયીઓ વિવિધ પ્રકારે ઉજવણી કરે છે.

રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ રાત્રે 8થી 10 જ ફટાકડા ફોડવાના હોય છે. પણ દિવાળીની રાત્રે સામાન્ય રીતે 10 વાગ્યાથી જ ફડાકડાઓ મોડી રાત્રી સુધી ફૂટતા રહી તહેવારની ઉજવણી લોકો કરતા હોય છે. જો કે બે ત્રણ કલાકના વિરામ બાદ વિક્રમ સંવતના નૂતન વર્ષને આવકારવા પણ પરોઢિયે વહેલી સવારથી ફટાકડાના અવાજો શરૂ થઈ જાય છે. ખેર... સત્સંગ પરિવાર આપ સૌ વાચકોને દિવાળીની શુભેચ્છાઓ સહિત નૂતન વર્ષના અભિનંદન પાઠવે છે. .. અસ્તુ. ...

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૩૫

# અધર્મના ઘોર અંધકાર પછી ધર્મનો ઉદય

**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

દેવકીને દુઃખ કેમ પડ્યું અને ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્યની તારીખ અને વર્ષ કયું હતું તે બે મહત્ત્વના પ્રશ્નોના જવાબો સમજવાના પ્રયત્ન પછી આપણે હવે ત્રીજા પ્રશ્નનો જવાબ મેળવવા પ્રયત્ન કરીએ. આ પ્રશ્ન છે કે, 'ભગવાનનું પ્રાગટ્ય, રાત્રીના ઘોર અંધકારમાં કેમ થયું?' આપણે અગાઉના લેખોમાં સમજ્યા તેમ ભગવાન શ્રીકૃષ્ણનું દિવ્ય પ્રાગટ્ય ઘોર અંધકારવાળી વર્ષાઋતુમાં, અંધકારરૂપી કૃષ્ણ પક્ષમાં, અંધારી રાત્રીના મધ્યમાં, અંધારી કાળકોટડીમાં થયું હતું. શું ભગવાનના આ દિવ્ય પ્રાગટ્યને, પ્રાગટ્ય સમયે રહેલા ભૌતિક અંધકાર વચ્ચે કોઈ ખાસ સંબંધ કે સંકેત છે?

શ્રીમદ્ ભગવતગીતામાં ભગવાને જણાવ્યું છે કે, 'જ્યારે જ્યારે અધર્મનો અંધકાર ચારે બાજુ ફેલાઈ જાય છે ત્યારે ત્યારે તે અંધકાર દૂર કરવા અને ધર્મની પુનઃસ્થાપના માટે હું દરેક યુગમાં પ્રગટ થાઉં છું.' તો શું દિવ્યધર્મના સ્થાપનની સાથે આ અંધકારને કોઈ વિશેષ સંબંધ છે? કુરુક્ષેત્રના યુદ્ધમાં કર્તવ્ય અને અકર્તવ્યના વિષયમાં અર્જુનની આંખોની સામે બુદ્ધિ નક્કી નહિ કરી શકે તેવો અંધકાર છવાઈ ગયો હતો અને ત્યારે આ અંધકારમાં જ તેમને ગીતાનું દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું. તો અહીં સવાલ થાય કે જેમ ઘોર અંધારી રાત્રી પછી ધીરે ધીરે સૂર્યનો ઉદય થાય અને પ્રકાશ ફેલાય તેમ શું અધર્મ પછી ધર્મની સ્થાપના થાય છે? ઘોર અજ્ઞાનતા પછી જ્ઞાનનો ઉદય થાય છે?

આપણે હંમેશાં અનુભવીએ જ છીએ કે મધ્યરાત્રીના ઘોર અંધકાર પછી જ રાત્રીની કાલિમા ઘટે છે અને ધીરે ધીરે ઉષાનું આગમન થાય છે. ત્યાર બાદ સૂર્યનો ઉદય થાય છે. આ જ રીતે મનુષ્ય સમાજમાં પણ જ્યારે જ્યારે અધર્મનું ચલણ વધતું જાય છે, ત્યારે મધ્યરાત્રિ જેવો એક એવો તબક્કો આવે છે કે ત્યાર પછી આ અધર્મની કળા ઘટતી જાય છે. ધીરે ધીરે ધર્મનો ઉષાકાળ શરૂ થાય છે અને ધર્મના સૂર્યનો ઉદય થાય છે. દરેક મનુષ્ય તેના જન્મ પછી જ્ઞાનની પ્રાપ્તિ એક ક્રમમાં કરે છે. પહેલા કક્કો-બારાખડી પછી અંક વગેરેથી શરૂ કરી અનંતજ્ઞાનનો અધિકારી બને છે. એવું ક્યારેય જોયું છે કે કોઈ મનુષ્યના જન્મ પછી તે એકદમ અને આકસ્મિક પૂર્ણ જ્ઞાની બની ગયો હોય? પરંતુ ભગવાનના આ દિવ્ય અવતારના રહસ્યમાં આ ભેદને સમજી શકાય. ભગવાનના પ્રાગટ્યને આપણે ભગવાને અવતાર લીધો છે તેવી માન્યતા સાથે એવું સમજીએ છીએ કે આવો અવતાર માત્ર એવા શ્રેષ્ઠ પુરુષોનો કહેવામાં આવ્યો છે, કે જેમણે સાધારણ જનસમાજમાં પોતાના બળથી, બુદ્ધિથી, કર્મથી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે. એવા મનુષ્યો, સંતો માટે સમજીએ છીએ કે જેમણે સમાજમાં જે ગુણો વિખરાયેલા પડ્યા છે તેનું એકીકરણ કરી મનુષ્યના વિકાસમાં પ્રયત્ન કર્યો છે. ખરેખર તો મનુષ્યની શક્તિઓનો વિકાસ પણ એક સંગ્રામ જ છે. મનુષ્ય દરેક રીતે અપૂર્ણ છે. અપૂર્ણમાંથી પૂર્ણ થવા માટે વિકાસ સાધતો મનુષ્ય પોતાની અંદરની કમજોરીઓ અને બહારના શત્રુઓ સાથે હંમેશાં લડતો-ઝગડતો દેખાય છે. આમ જોવા જઈએ તો બુદ્ધિ મનુષ્યની વિશેષતા છે. માટે આ બુદ્ધિના ઉદાહરણથી જ આ વાત સમજીએ તો આ સંસારમાં જેટલા વિદ્વાન અને બુદ્ધિમાન મનુષ્યો છે, તેમને એક વખત તો એવો અનુભવ થાય જ છે કે તેમની બુદ્ધિ બહુ વિચારતા થાકી ગઈ છે. એમનું જે લક્ષ્ય છે તેને આગળ ધપાવવામાં બુદ્ધિ અસમર્થ બની ગઈ છે. પોતાનો અહંભાવ શૂન્ય બની ગયો છે. અને આવી જ શૂન્યાવસ્થા અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો ઘોર અંધકારવાળી સ્થિતિમાં જ મોટા મોટા આવિષ્કાર થયા છે. ન્યૂટન, આઈન્સ્ટાઈન, વગેરે અનેક વૈજ્ઞાનિકો અને સંશોધકોનાં ઉદાહરણો આપણને મળે છે. આ બધા શોધકોએ શરૂઆતથી જ કોઈ ગણિત ગણીને બધા સિદ્ધાંતો સાધ્ય નથી કર્યા પરંતુ 'બુદ્ધિની શૂન્યાવસ્થા'માં આ સિદ્ધાંત સ્વયં તેમની બુદ્ધિમાં આવીને ઝબકારો કરી ગયા હતા. આથી એવું માની શકાય કે જ્યારે બુદ્ધિ કોઈ જ્ઞાનનું આરોહણ કરતા કરતા થાકી જાય, શૂન્યમનસ્ક થઈ જાય ત્યારે જ સત્યનું અવતરણ થાય, આવિષ્કાર થાય અને આ આવિષ્કાર સમગ્ર જગતને લાભકારી હોય. આ શૂન્યમનસ્ક અવસ્થામાં બુદ્ધિ પોતાની ગતિમર્યાદાને સ્થિર કરી દઈ આગળનું કંઈ પણ વિચારી શકતી નથી. એમ માનો કે બુદ્ધિ સામે અંધકાર છવાઈ જાય છે. બુદ્ધિ અત્યંત દીન બનીને પોતાનું અસ્તિત્વ ભૂલી જાય છે. આ જ અંધકાર હતો કુરુક્ષેત્રમાં અર્જુન સામે પણ. જ્યાં તેમની બુદ્ધિ પોતાની એક અંતિમ મર્યાદા સુધી પહોંચીને આગળનું કંઈ પણ વિચારવા સમર્થ નહોતી. એમનો સ્વભાવ પણ એક મર્યાદા સુધી પહોંચીને શૂન્ય થઈ ગયો હતો. એમનો સ્વધર્મ પણ જાણે પોતાનું અસ્તિત્વ ભૂલી ગયો હતો. અર્જુનની બુદ્ધિ, સ્વભાવ અને ધર્મની આ પરાકાષ્ઠા હતી



અને સામે બુદ્ધિ સમજી નહિ શકે તેવો ઘોર અંધકાર હતો અને ત્યાર બાદ બુદ્ધિના આ જ અંધકારમાં ગીતાનું દિવ્ય જ્ઞાન પ્રગટ થયું હતું.

અહીં પણ વસુદેવ અને દેવકીના જીવન સામે અંધકાર છવાયો હતો. આ એવો અંધકાર હતો કે જે મનુષ્યશક્તિની પરાકાષ્ઠાની બહાર હતો. જેમાં બંનેની તમામ શક્તિઓ શૂન્યવત બની ગઈ હતી. ફક્ત બુદ્ધિ જ નહિ, ફક્ત મન અને ચિત્ત જ નહિ, ફક્ત પ્રાણ અને શરીર જ નહિ પરંતુ તમામ ભૌતિક અને શારીરિક શક્તિઓ, સ્થૂળ અને સૂક્ષ્મ શક્તિઓ, સર્વશક્તિમાનના અનંત પ્રકાશની જાણે છાયા બની ગઈ હતી. બરાબર એ જ રીતે અંધકાર વ્યાપી ગયો કે જે રીતે સૂર્ય મધ્યરાત્રિએ પૃથ્વી પર વિરુદ્ધ દિશામાં હોય. જ્યારે એ અનંત શક્તિએ સૂર્યની જેમ પ્રકાશ પાથર્યો ત્યારે એમનો અંધકાર દૂર થઈ ગયો. આ અંધકાર ભગવાનના દિવ્ય પ્રાગટ્યના દિવ્ય પ્રકાશમાં પરિવર્તિત થઈ ગયો. એ અંધારી રાત્રિનો ઘોર

> જ્યારે બુદ્ધિ કોઈ જ્ઞાનનું આરોહણ કરતા કરતા થાકી જાય, શૂન્યમનસ્ક થઇ જાય ત્યારે જ સત્યનું અવતરણ થાય, આવિષ્કાર થાય. અને આ આવિષ્કાર સમગ્ર જગતને લાભકારી હોય

અંધકાર વસુદેવ અને દેવકીની આંતરિક શક્તિઓના અનંત શૂન્યાવકાશનું માનો બાહ્યરૂપ હતું. અને આ બાહ્યરૂપની સાથે જ, પૃથ્વી અને આકાશને, આ અન્નમય ભૌતિક જગતને, તેનું પોષણ કરવાવાળા મેઘને આ પ્રકાશે જાણે આચ્છાદિત કરી દીધા અને અંધકારરૂપી કૃષ્ણપક્ષમાં, અંધારીરાત્રીના મધ્યમાં, અંધારી કાળકોટડીમાં વસુદેવ અને દેવકીમાં સ્વયં દેવાધિદેવ અવતરણ પામીને બહાર 'કૃષ્ણ' રૂપે પ્રગટ થયા અને આ પ્રાગટ્ય કોઈ વ્યક્તિ વિશેષ માટે નહિ પરંતુ સમગ્ર સંસારમાંથી અધર્મનો નાશ કરવા માટે થયું. (ક્રમશઃ)